BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# સીટીએ સ્થાનિક એક્સેસિબિલિટી ચેમ્પિયન્સને 2021 નાં એક્સેસિબિલિટી ઍવોર્ડ્સ વિજેતાઓ તરીકે ઓળખ આપી

બ્રેમ્પટન, ઑન્ટેરિયો (જૂન 3, 2021) – ગઈકાલે, નેશનલ એક્સેસિબિલિટી વીક દરમિયાન, સીટી ઑફ બ્રેમ્પટને વર્ષ 2021 માટે પોતાના એક્સેસિબિલિટી ઍવોર્ડ્સ વિજેતાઓની ઘોષણા કરી. વિજેતાઓ તરીકે ઓળખ મેળવનાર વ્યક્તિઓ અને સંસ્થાઓએ અશક્ત લોકો માટે એક્સેસિબિલિટી (પ્રવેશ સુલભતા) અને સમાવેશ પ્રત્યે કટિબદ્ધતા દર્શાવી છે, અને તેઓ બ્રેમ્પટન સમુદાયના લાભ માટે કાર્યરત છે.

આજની બ્રેમ્પટન સીટી કાઉન્સિલ બેઠકમાં નીચેના એક્સેસિબિલિટી ચેમ્પિયન્સને ઓળખી કાઢવામાં આવ્યા હતા:

**મિશૅલ મૅક્લાઉડ (Michelle McLeod) – સામુદાયિક સભ્ય શ્રેણી**

મિશૅલ સમુદાયમાં ક્લાયન્ટ્સને અર્થસભર રીતે એકીકૃત થવાના હેતુસર મનોરંજનલક્ષી, નવરાશની પળો માણવા અને જીવનલક્ષી આવડતો વિકસાવવામાં મદદ કરે છે અને ક્લાયન્ટ્સને સ્વતંત્ર બનવામાં મદદરૂપ થાય છે. તેણી તેઓની હિમાયતી છે અને તેઓના જીવનની ગુણવત્તા સુધારવાનો હેતુ ધરાવે છે. મિશૅલ અવરોધો રોકવા અને હટાવવા; અશક્ત લોકોને સમાવવા; અશક્ત વ્યક્તિઓને રોજગાર સહાયતા પૂરી પાડવા; અનુકરણીય ગ્રાહક સેવા પૂરી પાડવા; અને સ્વતંત્રપણે જીવન જીવવામાં સહાયતા પૂરી પાડવા બદલ ઓળખ મળી છે.

**કૅરી'સ પ્લેસ ઓટિઝમ સર્વિસીસ – સામુદાયિક સંસ્થા કે નફો ન કમાનાર શ્રેણી**

કૅરી'સ પ્લેસ ઓટિઝમ સર્વિસીસે બ્રેમ્પટન સમુદાય માટે પોતાની સેવાઓ અને સહાયતા વધારવાનું ચાલુ રાખ્યું છે, ખાસ કરીને મનોરંજનલક્ષી સ્થળોમાં સહભાગિતા જેવા અવરોધકો હટાવવા સહિત, ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડરનું નિદાન થયું હોય તેવા લોકો માટે એક્સેસિબિલિટી વધારવા પર ધ્યાન આપવું. સમગ્ર COVID-19 વૈશ્વિક મહામારી દરમિયાન, કૅરી'સ પ્લેસે સુરક્ષિત અને અર્થસભર રીતે સામુદાયિક સહભાગિતા જાળવવા ઘણી સગવડોનો સમાવેશ કર્યો હતો. તેઓ અવરોધો રોકવા અને હટાવવા; અશક્ત લોકોને સમાવવા; એક્સેસિબિલિટી ઍમ્બેસેડર તરીકે કાર્યરત થવા; અશક્ત વ્યક્તિઓને રોજગાર સહાયતા પૂરી પાડવા; અનુકરણીય ગ્રાહક સેવા પૂરી પાડવા; અને સ્વતંત્રપણે જીવન જીવવામાં સહાયતા પૂરી પાડવા બદલ ઓળખ મળી છે.

**CSR વેલ્થ મેનેજમેન્ટ – બ્રેમ્પટન બિઝનેસ શ્રેણી**

ફ્રેંક ગેસ્પર (Frank Gasper) રજીસ્ટર્ડ ડિસેબિલિટી સેવિંગ્સ પ્લાન્સ (RDSPs) માં નિપુણતા ધરાવનાર એક નાણાકીય સલાહકાર છે. તેમને અશક્ત લોકોને સમાવવા અને અનુકરણીય પ્રવેશ સુલભ ગ્રાહક સેવા પૂરી પાડવા બદલ ઓળખ મળી છે. તેમણે ઘણાં લોકોને સેવા આપી, તેમણે જાગરૂકતા લાવવા સત્રો યોજ્યા, અને નાણાકીય દૃષ્ટિએ સ્થિર ભવિષ્યની ખાતરી કરાવતી પ્રોફાઇલ બનાવવા અને ગ્રાહકલક્ષી કરવા દરેક વ્યક્તિ સાથે કામ કરવા પોતાની જાતને સમર્પિત કરીને અશક્ત લોકોને વધારે સારી તકો આપવા પ્રયત્નશીલ છે.

**EMBRACE (એમ્બ્રેસ) – એક્સેસિબિલિટી પ્રોગ્રામ/પહેલ શ્રેણી**

મિશૅલ બકલેન્ડે (Michelle Buckland) લોકોની શ્રેષ્ઠ શક્તિને બહાર લાવવા વર્ષ 2010 માં EMBRACE ની સ્થાપના કરી જેથી કરીને તેઓ પોતાની ક્ષમતાઓ અને પ્રતિભાઓ અપનાવી શકે અને તેઓને અંગત અને વ્યાવસાયિક વિકાસ, પ્રવેશ સુલભતા એકીકરણ, અને પ્રભાવશાળી ભાષણો મારફતે પોતાના લક્ષ્યો સુધી પહોંચવા પ્રેરી શકે છે. મિશૅલ એમ્બેસેડર અને એડવોકેટ બનવા સમર્પિત છે, અને તેણીનું જીવનસૂત્ર છે, "આજીવન શિક્ષણમાં આપણી મર્યાદાઓ માત્ર એ હોય છે જેને આપણે સભાનપણે નિર્ધારિત કરીએ છીએ." મિશૅલને અવરોધકો રોકવા અને હટાવવા; અશક્ત લોકોને સમાવવા; અને અશક્ત લોકોને રોજગાર સહાયતા પૂરી પાડવા બદલ ઓળખ મળી છે.

The Corporation of The City of Brampton
2 Wellington Street West, Brampton, ON L6Y 4R2 311 TTY: 905.874.2130

"બ્રેમ્પટન એક રચના (મોઝેઇક) છે, અને સીટી ઓફ઼ બ્રેમ્પટન પ્રવેશ સુલભતા વધારવાની અને પોતાના સમગ્ર વૈવિધ્યસભર સમુદાયમાં સૌ પ્રત્યે સમજ કેળવવાની તકો ઓળખી કાઢવા સમર્પિત છે. વર્ષ 2018 માં સ્થાપિત, એક્સેસિબિલિટી ઍવોર્ડ્સ ઝાંખી કરાવે છે; અવરોધકો રોકવા અને હટાવવા, અશક્ત વ્યક્તિઓને સમાવવા, એક્સેસિબિલિટી એમ્બેસેડર તરીકે કાર્યરત, અશક્ત લોકોને રોજગાર સહાયતા પૂરી પાડવી, અનુકરણીય પ્રવેશ સુલભ ગ્રાહક સેવા પૂરી પાડવી, સ્વતંત્ર જીવન જીવવામાં સહાયતા પૂરી પાડવી અને, આ વર્ષે નવું, પ્રવેશ સુલભ કાર્યક્રમો કે પહેલો માટે, એક્સેસિબિલિટી ચેમ્પિયન્સની ઉપલબ્ધિઓ અને ફાળાને પ્રકાશિત કરે છે.

સીટી અને તેની એક્સેસિબિલિટી એડવાઇઝરી કમિટી બધી ઉંમરની અને ક્ષમતાઓ ધરાવતી વ્યક્તિઓ પોતે બ્રેમ્પટનમાં રહે, કામ કરે, રમતો રમે, મુલાકાત લે અને રોકાણ કરે ત્યારે તેઓને સરખી તકો મળી રહે તેની ખાતરી કરાવવા કટિબદ્ધ છે. સીટીમાં એક્સેસિબિલિટી (પ્રવેશ સુલભતા) પર વધુ માહિતી મેળવવા વેબસાઇટ જુઓ, www.brampton.ca/ceerp

એક્સેસિબિલિટી એવોર્ડ્સ અને વિજેતાઓ વિશે વધુ જાણવા વેબસાઇટ જુઓ, www.brampton.ca.

**અવતરણો (ક્વૉટ્સ):**

"બ્રેમ્પટન એક રચના (મોઝેઇક) છે, અને સીટી પ્રવેશ સુલભતા વધારવા અને આપણાં વૈવિધ્યસભર સમુદાયમાં સૌ પ્રત્યે સુદૃઢ સમજ કેળવવાની તકો ઓળખી કાઢવા સમર્પિત છે. વર્ષ 2021 નાં એક્સેસિબિલિટી ઍવોર્ડ્સ વિજેતાઓનો આભાર જેઓ બ્રેમ્પટનમાં એક્સેસિબિલિટી માટે ચેમ્પિયન્સ તરીકે સેવા આપે છે, અને તેઓનું નામાંકન કરાવીને તેઓના પ્રયત્નોને ઓળખ અપાવનાર રહેવાસીઓનો પણ આભાર. આપણાં શહેરને સૌ માટે સર્વગ્રાહી બનાવવા સમગ્ર સમુદાયે પ્રયત્નો કરવા પડે છે."
*- પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

"સીટી ઓફ઼ બ્રેમ્પટન અને પીલ્સ એક્સેસિબિલિટી એડવાઇઝરી કમિટીસના સભ્ય તરીકે, બ્રેમ્પટનવાસીઓ દ્વારા આપણાં સમુદાયને વધારે પ્રવેશ સુલભ અને સૌ માટે સમાવેશ યોગ્ય બનાવવા કરાતી કામગીરી માટે મને સતત ગૌરવનો અનુભવ થાય છે. આ ઍવોર્ડ વિજેતાઓ વિવિધતાના ચેમ્પિયન્સ છે અને તેઓની કામગીરી આપણાં શહેરમાં તફાવત ઊભો કરી રહ્યું છે. સૌ સાથે મળીને કામ કરવાનું ચાલુ રાખીને, આપણે બધી ક્ષમતા ધરાવતા લોકો માટે બ્રેમ્પટનને વધારે પ્રવેશ સુલભ બનાવી શકીએ છીએ."
*- પૅટ ફોર્ટિની (Pat Fortini), પ્રાદેશિક કાઉન્સિલર, વોર્ડ્સ 7 અને 8; સભ્ય, સીટી ઓફ઼ બ્રેમ્પટન એક્સેસિબિલિટી એડવાઇઝરી કમિટી; સભ્ય, રીજીયન ઓફ઼ પીલ એક્સેસિબિલિટી એડવાઇઝરી કમિટી*

"સીટી ઓફ઼ બ્રેમ્પટનમાં, અમે કાઉન્સિલની અગ્રતાની પરિભાષાને આગળ વધારવા સમર્પિત છીએ: બ્રેમ્પટન એક મોઝેઇક છે, અને બધી ઉંમરના અને ક્ષમતાઓ ધરાવતા લોકો એકસરખી તકોનો આનંદ માણી શકે તેવી ખાતરી કરાવે છે. બ્રેમ્પટનમાં એક્સેસિબિલિટી વધારવામાં અમને મદદરૂપ થતા 2021 નાં એક્સેસિબિલિટી ઍવોર્ડ વિજેતાઓનો આભાર. આ નેશનલ એક્સેસિબિલિટી વીકમાં, સીટી અશક્ત લોકો માટે પ્રવેશ સુલભતા અને સમાવેશને સમર્પિત લોકો, ધંધાઓ અને સંસ્થાઓને ઓળખ અપાવવામાં ગૌરવ અનુભવે છે."
*- ડેવિડ બારિક (David Barrick), ચીફ઼ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ઼ બ્રેમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મિડિયા સંપર્ક :**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ઼ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca